| | | | | | |
|---|---|---|---|---|---|
| GJBK010018212026 | सत्यमेव जयते | દાખલ તારીખ | ૧૧/૦૫/૨૦૨૬ | | |
| | | રજીસ્ટર્ડ તારીખ | ૧૧/૦૫/૨૦૨૬ | | |
| | | નિકાલ તારીખ | ૦૮/૦૬/૨૦૨૬ | | |
| | | સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | ૦૦ | ૦૦ | ૧૯ |

---

**પાલનપુરના મહે. છઠ્ઠા અધિક સત્ર ન્યાયાધીશ સાહેબશ્રીની કોર્ટમાં,**
**મું. પાલનપુર.**
**ક્રિ.પર.અ.નં. ૫૫૧ /૨૦૨૬**

---

સુનિલકુમાર દેવચંદભાઇ મોદી
ઉ.વ. આ. ૪૯, ધંધો. વેપાર,
રહે. પ્લોટ નં.૧૮૦૧ અને ૧૮૦૨,
અસ્તર સોસાયટી, અદાની શાંતિગ્રામ,
ગાંધીનગર, તા. જિ. ગાંધીનગર.
હાલ રહે. સબ જેલ પાલનપુર. **....અરજદાર**

**વિરૂધ્ધ**

શ્રી સરકાર
જિલ્લા સરકારી વકીલશ્રી પાલનપુર. **....સામાવાળા**

---

અરજદાર તરફે વિ. વ. શ્રી એમ. એમ. સિન્ધી.
શ્રી સરકાર તરફે પી. પી. શ્રી આર. પી. વૈષ્ણવ.

---

**બાબત: –** બી. એન. એસ. એસ. ની કલમ ૧૮૭ (૩) હેઠળ ડીફોલ્ટ જામીન મેળવવા બાબત...

---

**:– ચૂકા દો –:**

(૧) અરજદાર/આરોપીએ હાલની અરજી બી. એન. એસ. એસ. ની કલમ ૧૮૭ (૩) હેઠળ ડીફોલ્ટ જામીન મેળવવા માટે દાખલ કરેલ છે. આરોપી વિરૂધ્ધ ક્રાઇમ નં.૧૪/૨૫/સીબીએન/ એનડીસી/ એનએમએચ થી એન. ડી. પી. એસ. એકટની કલમ ૮, ૨૨ અને ૨૯ મુજબનો ગુનો નોંધાયેલ છે અને હાલમાં તેઓ જયુડીશ્યલ કસ્ટડીમાં છે.

(૨) અરજદારની અરજી અન્વયે સામાવાળા શ્રી સરકારને નોટીસ કરતા, સામાવાળા તરફે પી.પી.શ્રી આર. પી. વૈષ્ણવ આંક.પ ની હાજર પુરસીસ રજૂ કરેલ છે અને તેમણે મુદત અરજી જવાબ રજૂ કરવા માટે રજૂ કરેલ છે.

(૩) અરજદાર તરફે વિ. વ. શ્રી એમ. એમ. સીંધીએ દલીલ કરેલ છે કે, સદર અરજી ડિફોલ્ટ જામીન મેળવવા સારુ કરેલ છે. હાલના કામે અરજદારને તા. ૦૭–૧૧–૨૦૨૫ ના રોજ અટક કરી તા. ૦૮–૧૧–૨૦૨૫ ના રોજ નામદાર કોર્ટમાં રજુ કરેલ હતા ત્યારથી તેઓની જયુ. કસ્ટડીના સમયની શરુઆત થાય. હાલના કામે તા. ૦૬–૦૫–૨૦૨૬ ના રોજ જયુ. કસ્ટડીના ૧૮૦ દિવસ પુર્ણ થતા હતા, પરંતુ ત. ક. અ.શ્રીએ તે દિવસ સુધી વધુ તપાસ માટે કોઇ અરજી કરવામાં આવેલ નહીં કે ચાર્જશીટ પણ રજુ રાખેલ નથી. ત્યારબાદ અરજદાર દ્વારા ડિફોલ્ટ જામીન ઉપર મુકત થવા સારુ તા. ૧૧–૦૫–૨૦૨૬ ના રોજ અરજી કરેલ છે અને સદર અરજી થયાના ત્રણ દિવસ બાદ તા. ૧૪–૦૫–૨૦૨૬ ના રોજ એન. ડી. પી. એસ. કેસ નં. ૨૯ /૨૦૨૬ થી ચાર્જશીટ રજૂ થયેલ છે. આમ સમગ્રપણે જોતા હાલના કામે મહત્તમ સજાની જોગવાઇ ૨૦ વર્ષની થાય અને વધુ તપાસ માટે થઇને પણ ૧૮૦ દિવસમાં ચાર્જશીટ કરવાની જરુરત હતી જે આ કામે કરવામાં આવેલ ન હોય અરજદાર ડીફોલ્ટ બેલનો લાભ મેળવવા હકકદાર છે. વધુમાં તેઓ તેમની રજૂઆત કરતાં જણાવે છે કે, અરજદાર આ કામે કુલ – ૦૯ દિવસ વચગાળાના જામીન ઉપર મુકત રહેલા જે તા. ૦૪–૦૨–૨૦૨૬ થી તા. ૧૨–૦૨–૨૦૨૬ સુધી જામીન મુકત રહેલા છે. સરકાર તરફે જે ચુકાદાઓ

રજુ રાખેલ છે તેની હકિકત અને સંજોગો હાલના કેસની હકિકત અને સંજોગોથી જુદા હોય તે આ કામે લાગુ પડતા નથી તેમ જણાવી તેઓએ તેમની દલીલોના સમર્થનમાં નામદાર સુપ્રિમકોર્ટ સ્પે. લીવ પીટીશન નં. ૧૧૮૬૦/૨૦૨૫ મહોમંદ અરીઝ હસનૈન ઉર્ફે અરીઝહસનૈન વિ. ઝારખંડ રાજય ના ચૂકાદાઓ ઉપર આધાર રાખેલ છે.

(૪) સરકાર તરફે વિ. પી. પી. શ્રી આર. પી. વૈષ્ણવે દલીલ કરેલ છે કે, હાલના આરોપીની સામે કોર્મશીયલ જથ્થાથી વધારે મુદ્દામાલ પકડાયેલ છે તેની વિગતો વાંધામાં જણાયેલ છે. અમદાવાદ, પાલનપુર, ધાનેરા અને થરાદ ખાતેથી મુદ્દામાલ પકડાયેલ છે. તમામ મુદ્દામાલ ગેરકાયદેસરનો હતો. અરજદાર એન. ડી. ફાર્માસુટીકલ નામની કંપની ચલાવતા હતા અને દવાઓ કોને કોને સ્પલાય કરતા હતા તેની વિગતો વાંધાના પેરા નં. (૪) માં જણાવેલ છે. સદર કંપનીનો તમામ વહિવટ હાલના આરોપી કરતા હતા. સદર ગુનાની તપાસ ચાલુ હતી તે દરમ્યાન આરોપીના પત્નિના માલિકીના ગોડાઉનમાંથી પણ ગેરકાયદેસર જથ્થો સંગ્રહ કરેલ હતો તે પકડાયેલ હતો. હાલની અરજી ડીફોલ્ટ બેલ માટે કરેલ છે. સદર મુજબના કેસોમાં સમાજનું હિત અને દેશનું હિત સંકળાયેલ છે. આરોપી સદર ગુનામાં સીધા સંકળાયેલ છે. આરોપી સામે ગુનો પુરવાર થાય તેવો પુરતો પુરાવો ચાર્જશીટમાં રજુ થયેલ છે. સદર ગુનાની તપાસ અગાઉ પ્રવિણ ધુલે નામના પોલીસ અધિકારી કરતા હતા અને હાલ સિધ્ધાર્થ શ્રીવાસત્વનાઓ કરે છે અને તેઓએ ચાર્જશીટ કરેલ છે. ચાર્જ લેવડ દેવડમાં શરતચુક થઈ હોઈ શકે તે કારણે સમયમર્યાદામાં ચાર્જશીટ ફાઈલ થઈ શકેલ નહી. અરજદારના પત્નિની સારવાર માટે વચગાળાના જામીન મંજુર કરેલ તે હકિકત આરોપીએ પોતાની જામીન અરજીમાં સંતાડેલ છે અને દસેક દિવસ જામીન મુકત રહેલ તે મહત્વની હકિકત જણાવેલ નથી તેમ જણાવી તેમણે તેની અરજી નામંજૂર કરવા માટે રજૂઆત કરેલ છે અને ઉપરોકત દલીલોના સમર્થનમાં તેઓએ નીચે મુજબના ચૂકાદાઓ ઉપર આધાર રાખેલ છે.

૧. ૨૦23(૦) એઆઈજેઇએલ–એસસી ૭૦૭૬૯
સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટીગેશન વિ. વિકાસ મિશ્રા

૨. ૨૦૨૪ (૦) એઆઈજેઇલ–એસસી ૭૩૫૫૩
પશ્ચિમ બંગાળ રાજ્ય વિરુદ્ધ જયિતા દાસ

૩. ૨૦૧૨ (૦) એઆઈજેઇલ–એસસી ૫૨૨૬૪
વિપુલ શિતલ પ્રસાદ અગ્રવાલ વિરુદ્ધ ગુજરાત રાજ્ય

૪. ૨૦૧૩ (૦) એઆઈજેઇલ––એચસી ૨૨૯૭૫૭
નરેન્દ્ર કે. અમીન વિ. સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટીગેશન

૫. ૨૦૦૯(૦) એઆઈજેઇલ–એચસી ૨૨૧૭૯૦
કરશનભાઈ કમાભાઈ હરીજન વિ. ગુજરાત રાજય

(૫) બંનેની રજૂઆતો ધ્યાને લીધી. બંને પક્ષકારોએ રજૂ કરેલ ચૂકાદાઓ વંચાણે લીધા. આ કામના અરજદાર/આરોપી રેગ્યુલર જામીન પર નહીં પરંતુ ડિફોલ્ટ જામીન પર મુકત થવા ઈચ્છે છે. ડિફોલ્ટ જામીનનો નિર્ણય કરતી વખતે ડિફોલ્ટ જામીન માંગવા માટે જે કારણો જણાવેલ હોય તેની જ ચર્ચા કરવાની હોય છે. હાલના તબકકે અદાલતે માત્ર તે ડિફોલ્ટ જામીન પર મુકત થવા માટે હકકદાર છે કે, કેમ, અથવા તે ડિફોલ્ટ જામીન ઉપર મુકત થવા માટેનો કેસ દર્શાવી શકેલ છે કે, કેમ ? તે જ નકકી કરવાનું રહે છે. આ કામે એન. ડી. પી. એસ. એકટની કલમ ૩૬(એ) (૪) વંચાણે લેતાં,'' ..... કલમ ૧૯ અથવા કલમ ૨૪ અથવા કલમ ૨૭–એ હેઠળ સજાપાત્ર ગુનાના આરોપી વ્યક્તિઓના સંદર્ભમાં અથવા કોમોર્શીયલ કવોન્ટીટીને લગતા ગુનાઓ માટે ફોજદારી કાર્યવાહી સંહિતા, ૧૯૭૩ ની કલમ ૧૬૭ ની પેટા–કલમ (૨) માં "૯૦– દિવસ" ના સંદર્ભો, જ્યાં તે થાય છે, તેનો અર્થ " ૧૮૦– દિવસ" ના સંદર્ભ તરીકે કરવામાં આવશે....''

આમ ઉપરોકત રેકર્ડ પર આવેલ હકીકતોનું અવલોકન કરતાં, આરોપીને તા. ૦૮/૧૧/૨૦૨૫ ના રોજ પ્રથમ વખત ન્યાયિક કસ્ટડીમાં રિમાન્ડ કરવામાં આવેલ છે. ત્યારબાદ આરોપી તરફે વચગાળાના જામીન પર મુકત થવા માટે ક્રિમી. પર. અ. નં. ૮૫/૨૦૨૬ દાખલ કરેલ જેમાં અદાલતે

આરોપીને ૦૭–દિવસ વચગાળાના જામીન પર મુકત થવા માટે તા.૦૩/૦૨/૨૦૨૬ ના રોજ હુકમ કરેલ છે અને ત્યારબાદ આરોપી તરફે વધુ વચગાળાના જામીન લંબાવી આપવા માટે ક્રિમી. પર. અ. નં. ૧૨૮/૨૦૨૬ ની દાખલ કરતાં અદાલતે વધુ ૦૨– દિવસ લંબાવી આપતો હુકમ કરેલ છે. આમ આરોપી કુલ ૦૯– દિવસ વચગાળાના જામીન ઉપર મુકત રહેલ છે. આમ કાયદાકીય જોગવાઈ મુજબ ઉપરોકત ૯–દિવસ નો ગાળો બાદ કરતા આજરોજ સુધી આરોપીની કુલ ન્યાયિક કસ્ટડીનો સમયગાળો ૧૭૫ દિવસનો થાય છે. આરોપી સામનો ગુનો એન. ડી. પી. એસ.એકટની કલમ ૨૨ (સી) હેઠળનો હોઈ અને ફરિયાદમાં દર્શાવેલ જથ્થો ''કોમર્શિયલ ક્વોન્ટીટી'' ની વ્યાખ્યામાં આવતો હોઈ, બી. એન. એસ. એસ. ની કલમ ૧૮૭(૩) મુજબ તપાસ પૂર્ણ કરી ચાર્જશીટ રજૂ કરવા માટેની કાયદાથી નકકી કરેલ સમય મર્યાદા ''૧૮૦–દિવસ'' ની નિયત કરવામાં આવેલ છે. અત્રેની અદાલતે સંજયચંદ્રા વિ. સી. બી. આઇ. (૨૦૧૨) ૧ એસસીસી ૪૦ તથા ઉદય મોહનલાલ આચાર્ય વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્રા (૨૦૦૧) ૫ એસસીસી ૪૫૩ માં સ્પષ્ટ શબ્દોમાં ઠરાવેલ છે કે, ડિફોલ્ટ બેલનો અધિકાર કોઈ દયા/ક્ષમા નથી પરંતુ કલમ ૧૮૭ હેઠળ મળેલ '' indefeasible right '' છે, જે માત્ર અને માત્ર કાયદાથી નકકી કરેલ સમય મર્યાદાની સમાપ્તિ બાદ જ જન્મે છે. એમ. રવિન્દ્ર વિ. ઈન્ટેલીજન્સ ઓફીસર, નારકોર્ટીકસ કન્ટ્રોલ બ્યુરો (૨૦૨૦) ૧૫ એસસીસી ૬૩૧ માં નામદાર અદાલતે પુનરાવર્તીત કરેલ છે કે જ્યાં સુધી કલમ ૧૮૭ માં દર્શાવેલ મહત્તમ સમયમર્યાદા પૂર્ણ ન થાય ત્યાં સુધી આરોપી ડિફોલ્ટ બેલનો દાવો કરી શકે નહીં.

સદર બાબતે નામદાર દિલ્હી હાઈકોર્ટના નિરજકુમાર વિ. સ્ટેટ (એનસીટી ઓફ દિલ્હી) ચુકાદા તા. ૧૧/૦૨/૨૦૨૬નો વંચાણે લેવામાં આવે તો, નામદાર સુપ્રિમકોર્ટ તથા નામદાર હાઈકોર્ટોના વિવિધ ચૂકાદાઓ ધ્યાને લઈ ડિફોલ્ટ બેલની સમય મર્યાદાની ગણતરી વખતે આરોપી ખરેખર જેટલા દિવસો કસ્ટડીમાં રહેલ હોય અને સ્વતંત્રતાથી વંચિત રહેલ હોય તેટલા દિવસો ધ્યાને લેવાના રહે છે તેવું ઠરાવેલ છે તે સંજોગોમાં આ અદાલત સમક્ષ

રજૂ થયેલ કેસમાં ૧૮૦ દિવસની કાયદાથી નકકી કરેલ સમય મર્યાદા પૂર્ણ થવામાં હજુ ૦૫ દિવસ બાકી હોઈ એટલે કે, આરોપી તરફે રજૂ થયેલ દલીલ મુજબ આરોપીની ન્યાયિક કસ્ટડી ૧૮૪ દિવસની થયેલ છે પરંતુ આ કામે ઉપરોકત ચર્ચા કર્યા અનુસાર કાયદાકીય જોગવાઇ અનુસાર અગાઉ આરોપી તરફે વચગાળાના જામીન પર મુકત થવા માટે ક્રિમી. પર. અ. નં. ૮૫/૨૦૨૬ દાખલ કરેલ જેમાં અદાલતે આરોપીને ૦૭–દિવસ વચગાળાના જામીન પર મુકત થવા માટે તા.૦૩/૦૨/૨૦૨૬ ના રોજ હુકમ કરેલ છે અને ત્યારબાદ આરોપી તરફે વધુ વચગાળાના જામીન લંબાવી આપવા માટે ક્રિમી. પર. અ. નં. ૧૨૮/૨૦૨૬ ની દાખલ કરતાં અદાલતે વધુ ૦૨– દિવસ લંબાવી આપતો હુકમ કરેલ છે. આમ આરોપી કુલ ૦૯– દિવસ વચગાળાના જામીન ઉપર મુકત થયેલ હોવાથી તે મુજબના દિવસો બાદ કરતા કાયદાથી નકકી કરેલ સમય મર્યાદા પહેલા હાલની અરજી કરેલ હોવાથી આરોપીનો ડિફોલ્ટ બેલ મેળવવાનો અધિકાર આ તબક્કે ઉદ્ભવતો જ નથી. આ સંજોગોમાં કલમ ૧૮૭(૩)નો લાભ આરોપીને આપી શકાય નહીં તેવું આ અદાલતનું નમ્રપણે માનવું છે તેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:– હુ ક મ –:**

અરજદાર/આરોપીની હાલની આ ડિફોલ્ટ બેલની અરજી સમય પેહલાની હોવાથી નામંજૂર કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવીને જાહેર કર્યો.

મુ.પાલનપુર.
તા. ૦૮/૦૬/૨૦૨૬

**(ધર્મેન્દ્ર સુખવાસીભાઇ શ્રીવાસ્તવ)**
છઠ્ઠા એડિશનલ સેશન્સ જજ,
બનાસકાંઠા – પાલનપુર.
કોડ નં.જી.જે.–૦૦૮૧૯